# માહિતી (મેળવવાના) અધિકાર

## અધિનિયમ -૨૦૦૫

## પ્રોએક્ટીવ ડીસ્કલોઝર

વિભાગનું નામ : ઈલેક્શન વિભાગ

માહિતી અદ્યતન કર્યા તારીખ : ૧૨/૦૮/૨૦૨૨

## (૧) <u>વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજો :-</u>

રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતા જાહેરનામા તથા રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો અને પરિપત્રોની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર મહાનગરપાલિકાના ઈલેક્શન વોર્ડોની પુનઃરચના (વસ્તી ગણનાને આધારે), સીમાંકન, બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરી શહેર ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદને મોકલી આપવા સારૂ આનુષાંગિક કામગીરીઓ, મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરીઓ, મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ યોજવા અંગેની આનુષાંગિક કામગીરીઓ તેમજ લોકસભા/વિધાનસભાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ સમયે મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આચારસંહિતા અમલીકરણ અંગેની કામગીરીઓ અત્રેથી હાથ ધરવામાં આવે છે. કામગીરીઓ કરવા અંગેનું વ્યવસ્થા તંત્ર નીચે મુજબ છે.

- <u>**વ્યવસ્થાતંત્ર :-**</u>

| | <u>ઓફિસ</u> | <u>રહેઠાણ</u> |
|---|---|---|
| **શ્રી બી. એન. પટેલ** (જી.એ.એસ.)<br>ડે. મ્યુનિસિપલ કમિશનર (ઈલેક્શન)<br>અને અપીલ અધિકારી શ્રી **ફોન નં. :----**<br>**મોબાઈલ નં. :----**<br><br><u>સરનામુ :</u><br>**બીજે માળ - અ.મ્યુ.કો. કચેરી, સરદાર પટેલ ભવન, સી-બ્લોક, દાણાપીઠ, અમદાવાદ.** | <br><br>૨૫૩૯૧૮૧૧/૪૦૬<br>૯૯૦૯૯૧૧૫૬૨ | ------------- |
| **શ્રી પ્રશાંત એ. પંડયા** **ફોન નં.**<br>ઈલેક્શન ઓફિસર અને<br>જાહેર માહિતી અધિકારીશ્રી **મોબાઈલ નં.**<br><u>ઈ-મેઈલ :</u><br>electionofficeramc@ahmedabadcity.gov.in<br><br>**સરનામુઃ-**<br>**ઈલેક્શન વિભાગ, ૪૧૧, ચોથે માળ,**<br>**નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ,**<br>**નવરંગપુરા બસ સ્ટેન્ડની પાસે, નવરંગપુરા, અમદાવાદ.** | ૨૯૬૦૧૬૨૩<br><br>૯૩૨૭૦૩૮૮૨૨ | ------------- |

# <u>ઈલેકશન ડીપાર્ટમેન્ટ</u>

## સ્ટાફની પેટર્ન

### ઈલેકશન ઓફિસર

**શ્રી પ્રશાંત એ. પંડયા**

| | |
|---|---|
| હેડ કલાર્ક | |
| વોર્ડ ઈન્સ્પેકટર / વહીવટી | પરાગ આર. દવે |
| | ગૌરાંગ કે. જાની |
| | સેલવમ મુદલીયાર |
| | ઈમ્તિયાજ એ. મનસુરી |
| વોર્ડ ઈન્સ્પેકટર/ બીલ કલાર્ક : | |
| | |
| | |

**<u>ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ</u>**

**<u>પટાવાળા</u>**

૧- જગદીશભાઈ કે. પ્રજાપતિ

૨- મહેશ કે. ઠાકોર (મજૂર)

| મધ્ય ઝોન | | |
|---|---|---|
| ચીફ ઈન્સ્પેકટર : | ૧ | |
| વોર્ડ ઈન્સ્પેકટર : | ૨ | |
| | ૩ | |
| | ૪ | |
| વોર્ડ કલાર્ક : | ૫ | |
| | ૬ | |
| | ૭ | |

| પશ્ચિમ ઝોન | | |
|---|---|---|
| ચીફ ઈન્સ્પેકટર : | ૧ | |
| વોર્ડ ઈન્સ્પેકટર : | ૨ | |
| | ૩ | |
| | ૪ | |
| વોર્ડ કલાર્ક : | ૫ | |
| | ૬ | |
| | ૭ | |

| ઉત્તર ઝોન | | |
|---|---|---|
| ચીફ ઈન્સ્પે : | ૧ | |
| વોર્ડ ઈન્સ્પેકટર : | ૨ | |
| | ૩ | |
| | ૪ | |
| | ૫ | |
| વોર્ડ કલાર્ક : | ૬ | |
| | ૭ | |
| | ૮ | |

| પૂર્વ ઝોન | | |
|---|---|---|
| ચીફ ઈન્સ્પેકટર : | ૧ | |
| વોર્ડ ઈન્સ્પેકટર : | ૨ | |
| | ૩ | |
| વોર્ડ કલાર્ક : | ૪ | |
| | ૫ | |
| | ૬ | |
| | ૭ | |
| | ૮ | |

| દક્ષિણ ઝોન | | |
|---|---|---|
| ચીફ ઈન્સ્પે. : | ૧ | |
| વોર્ડ ઈન્સ્પેકટર : | ૨ | |
| | ૩ | |
| | ૪ | |
| વોર્ડ કલાર્ક : | ૫ | |
| | ૬ | |
| | ૭ | |

| નવા પશ્ચિમ ઝોન | | |
|---|---|---|
| ચીફ ઈન્સ્પે. : | ૧ | |
| વોર્ડ ઈન્સ્પેકટર : | ૨ | |
| | ૩ | |
| | ૪ | |
| વોર્ડ કલાર્ક : | ૫ | |
| | ૬ | |
| | ૭ | |

## (૨) **અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો:-**

| | | |
|---|---|---|
| **મ્યુનિસિપલ કમિશનર** | : | મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવા સારૂ મ્યુનિસિપલ કમિશનરશ્રી હોદ્દાની રૂએ મતદાર નોંધણી અધિકારી શ્રી તરીકે ફરજ બજાવે છે. |
| | | |
| **ડે.મ્યુનિસિપલ કમિશનર** | : | મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવા સારૂ મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશનરશ્રીની કામગીરીમાં સહાયભૂત થવા તમામ ઝોન ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે ફરજ બજાવે છે. |
| | | |
| **ઈલેક્શન ઓફિસર** | : | રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો/પરીપત્રોની માર્ગદર્શક સૂચનાઓ અનુસંધાને, મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવા તથા શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદના સંયોજનમાં રહી મહાનગરપાલિકાના ઈલેક્શન વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી અંગેની પ્રાથમિક દરખાસ્ત તૈયાર કરવા તેમજ મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ યોજવા અંગે તમામ ઝોનના ચીફ ઈન્સપેક્ટરશ્રીઓને માર્ગદર્શન તથા તમામ વિભાગીય દેખરેખ રાખવા અંગેની ફરજ બજાવે છે. |
| | | |
| **ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ** | : | રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો/ પરીપત્રોની માર્ગદર્શક સૂચનાઓ અનુસંધાને, મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવા તેમજ શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદના સંયોજનમાં રહી મહાનગરપાલિકાના ઈલેક્શન વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી અંગેની પ્રાથમિક દરખાસ્ત તૈયાર કરવા તેમજ મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ યોજવા અંગે વિભાગીય વહીવટી સંચાલન કરવાની સઘળી ફરજ બજાવે છે. |
| | | |
| **ચીફ ઈન્સપેક્ટર** | : | મહાનગરપાલિકાના ઈલેક્શન વોર્ડોને ઝોનવાઈઝ વહેંચવામાં આવેલ છે. આથી ઝોનવાર ચીફ ઈન્સપેક્ટર નિમવામાં આવે છે. આથી જે તે ઝોનમાં સમાવિષ્ટ ઈલેક્શન વોર્ડોની મતદારયાદીઓ તૈયાર કરવા બાબતે તથા વસ્તી ગણના આધારે વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરવા અંગેની કામગીરીઓ કરવા વોર્ડ ઈન્સપેક્ટર, વોર્ડ કલાર્કશ્રીઓને માર્ગદર્શન પુરૂ પાડવા, વોર્ડવાર ક્ષેત્રિય કામગીરી કરવા તેમજ આનુષાંગિક વિવિધ આંકડાકીય માહિતીઓ તૈયાર કરવા અંગેની સઘળી કામગીરીઓ તેમજ મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ સમયે શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદના નેજા હેઠળના નિયુક્ત ચૂંટણી અધિકારીઓના સંયોજનમાં રહી ચૂંટણી આનુષાંગિક કામગીરીઓ પૂર્ણ કરવા વોર્ડ ઈન્સપેક્ટર, વોર્ડ કલાર્કશ્રીઓને જરૂરી માર્ગદર્શન, દેખરેખ રાખવા અંગેની સઘળી કામગીરીઓ બજાવે છે. |
| | | |

| | | |
|---|---|---|
| **હેડ કલાર્ક** | : | મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવા તથા વસ્તી ગણના આધારે મહાનગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી તેમજ મહાનગરપાલિકાની સામાન્ય / પેટા-ચૂંટણીઓ યોજવા અંગેની કામગીરીઓ સમયે વિવિધ વહીવટી મંજૂરીઓ, હીસાબો તથા વિભાગીય બજેટ અને વહીવટી અહેવાલો તૈયાર કરવા અંગેની સઘળી કામગીરીઓ બજાવે છે. |
| | | |
| **સીનિયર કલાર્ક** | : | મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવા તથા વસ્તી ગણના આધારે મહાનગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી તેમજ મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ યોજવા અંગેની કામગીરીઓ સમયે સ્ટાફને પેમેન્ટ કરવા પરચૂરણ બીલો બનાવવા ચૂંટણી અધિકારી શ્રીઓને ગ્રાંટ પૂરી પાડવા તથા અન્ય ઓફિસ કામગીરી બજાવે છે. |
| | | |
| **વોર્ડ ઈન્સપેક્ટર** | : | મહાનગરપાલિકાના ઇલેક્શન વોર્ડોને ઝોપવાઇઝ વહેચવામાં આવેલ છે. આથી જે તે ઝોનમાં સમાવિષ્ટ ઇલેક્શન વોર્ડો પૈકી ત્રણ ઇલેક્શન વોર્ડે એક વોર્ડ ઈન્સપેક્ટર નિમવામાં આવે છે. આથી આ વોર્ડોની મતદારયાદીઓ તૈયાર કરવા, મતદારોનું પોસ્ટીગ કરવા, તથા તેની ખરાઇ અર્થે ક્ષેત્રિય કામગીરી કરવા તેમજ વસ્તી ગણના આધારે વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરવા અંગે, વસ્તી ગણતરીના સેન્સસ વોર્ડવાર/બ્લોકવાર વસ્તીની માહિતીઓ તૈયાર કરી તે આધારે ક્ષેત્રિય કામગીરી કરવા તથા મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ સમયે શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદના નેજા હેઠળના નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રીઓના સંકલનમાં રહી, તેઓને ચૂંટણી સાહિત્ય, સાધન-સામગ્રી, ઇ.વી.એમ. અવિલોપ્ય શાહીનો જથ્થો, મતદાન મથકે ઉપયોગમાં લેવાની કીટ્સ વિગેરે પૂરા પાડવા અંગેની સંયુક્ત કામગીરીઓ બજાવે છે. |
| | | |
| **વોર્ડ કલાર્ક** | : | મહાનગરપાલિકાના ઇલેક્શન વોર્ડોને ઝોનવાઇઝ વહેંચવામાં આવેલ છે. આથી જે તે ઝોનમાં સમાવિષ્ટ ઇલેક્શન વોર્ડો પૈકી બે ઇલેક્શન વોર્ડે એક વોર્ડ કલાર્ક નિમવામાં આવે છે. આથી આ વોર્ડોની મતદારયાદીઓ તૈયાર કરવા, કોમ્પ્યુટરાઇઝ ચેકલીસ્ટ ચેક કરવા અને ક્ષતિઓના નિકાલ કરવા, નિયત કરેલ પ્રસિધ્ધિના સ્થળોએ મતદારયાદીઓની પ્રસિધ્ધિ કરવા ક્ષેત્રિય કામગીરી કરવા તેમજ વસ્તી ગણના આધારે વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણી અગેંની દરખાસ્ત તૈયાર કરવા અંગે વસ્તી ગણતરીના સેન્સસ વોર્ડવાર/બ્લોકવાર વસ્તીની માહિતીઓ તૈયાર કરી નિયત નમૂના મુજબના વિવિધ પત્રકો તૈયાર કરવા તથા મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ સમયે શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદના નેજા હેઠળના નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રીઓના સંયોજનમાં રહી તેઓને ચૂંટણી સાહિત્ય, સાધન-સામગ્રી, ઇ.વી.એમ., અવિલોપ્ય શાહીનો જથ્થો, મતદાન મથકે |

| | | |
|---|---|---|
| | | ઉપયોગમાં લેવાની કીટ્સ વિગેરે પૂરા પાડવા અંગેની સંયુક્ત કામગીરીઓ બજાવે છે. |
| | | |
| **ઈલે. કલાર્ક/ વહીવટી કલાર્ક** | : | રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના વખતોવખતના આદેશ અને પરિપત્રોને આધીન તેમાં દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓને અનુસરીને તેમજ શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદના સંયોજનમાં રહીને મહાનગરપાલિકાની વોર્ડવાર ભાગવાર મતદાર યાદીઓ તૈયાર કરવી, મહાનગરપાલિકાના વોર્ડોની રચના, સિમાંકનની દરખાસ્ત તૈયાર કરવાની કામગીરી તથા લોકસભા, વિધાનસભા ચૂંટણીઓ સમયે મહાનગરપાલિકા વિસ્તારમાં પાળવાની થતી આદર્શ આચારસંહિતાના અમલીકરણની કામગીરી તથા મ્યુનિસિપલ ચૂંટણીને આનુષાંગિક તમામ પ્રકારની વિવિધ કામગીરીઓ અંગેની વહીવટી કામગીરીઓ સંભાળે છે. |
| | | |
| **બીલ કલાર્ક** | : | ઈલેકશન વિભાગમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓના પગાર ભથ્થા અંગેની કામગીરી, રજા, સર્વિસબુક અપડેટ/તૈયાર કરવાની કામગીરી તેમજ મ્યુનિસિપલ ચૂંટણીઓ સમયે નિયુક્ત ચૂંટણી અધિકારીઓને ચૂંટણી ગ્રાંટ ફાળવવાની અને સદર ગ્રાંટના હિસાબો વાઉચરો મેળવી તેની જમાખર્ચી કરાવવવાની કામગીરી તેમજ ઇલેકશન વિભાગના તમામ પ્રકારના બિલો તૈયાર કરવાની કામગીરીઓ સંભાળે છે. |
| | | |
| **પટાવાળા** | : | ઈલેક્શન વિભાગના ઓફિસ/ક્ષેત્રિય કામગીરીના તમામ સ્ટાફને મદદ કરવા, કન્ટીજન્સી, ટપાલ, ચૂંટણી સાહિત્ય/રેકર્ડ વિગેરે લાવવા-લઇ જવા વિગેરે કામગીરીઓ બજાવે છે. |

**(૩) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યવાહી :-**

➢ **મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવી :-**

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) (સુધારા) નિયમો-૨૦૧૩ની જોગવાઇઓ આધિન, રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો/પરિપત્રોની માર્ગદર્શક સૂચનાઓને આધિન નિયત કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર સંબંધિત ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની આખરી પ્રસિધ્ધ થયેલ અને છેલ્લે અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડના સીમાંકન મુજબ લોકેશન વાઇઝ, ઝોન-વાઇઝ વોર્ડવાર/ભાગવાર મતદારોનું પોષ્ટીગ કરવામાં આવે છે તેમજ વોર્ડ/લોકેશનની ખરાઇ અર્થે ક્ષેત્રિય કામગીરી પણ કરવામાં આવે છે. આમ તૈયાર કરવામાં આવેલ મતદારયાદીઓની વોર્ડવાર નિયત કરવામાં આવેલ પ્રસિધ્ધિના સ્થળોએ પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

(આ સઘળી કામગીરીઓ જે તે ઝોનના વોર્ડ ઇન્સપેક્ટર/વોર્ડ કલાર્કની કોર ટીમ બનાવી પૂર્ણ કરવામાં આવે છે અને જે તે ઝોનના ચીફ ઇન્સપેક્ટરશ્રી દ્વારા તેની ચકાસણી/ખરાઇ કરી અને તે બાબતનો રીપોર્ટ ઇલેક્શન ઓફિસરશ્રીને કરવામાં આવે છે.)

➢ **વસ્તી ગણનાને આધારે મહાનગરપાલિકાના ઇલેક્શન વોર્ડોની પુનઃરચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરી શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદને ચકાસણી સારૂ મોકલી આપવા અંગેની કામગીરી કરવી :-**

સદરહુ કામગીરી અંગે સૌ પ્રથમ રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા છેલ્લે થયેલ વસ્તી ગણના આધારે મહાનગરપાલિકાના કુલ ઇલેક્શન વોર્ડોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા નિયત કરી જાહેરનામુ બહાર પાડવામાં આવે છે. તે આધારે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરી દ્વારા મહાનગરપાલિકાના ઇલેક્શન વોર્ડોની રચના સીમાંકન તથા બેઠકોની ફાળવણી અંગેની દરખાસ્ત મેળવવા સારૂ મહાનગરપાલિકાને આદેશો/ પરીપત્રો પાઠવવામાં આવે છે. સદરહુ આદેશો/પરીપત્રોમાં દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓને આધિન, મહાનગરપાલિકા દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવે છે. તેમા સૌ પ્રથમ હયાત ઇલેક્શન વોર્ડના નક્શા, વસ્તી ગણતરીના બ્લોકના નક્શા, તેમા સમાવિષ્ટ વિસ્તાર, બ્લોકવાર વસ્તી વિગેરે વિગતો સાથે ઇલેક્શન વિભાગના એક કર્મચારી (વોર્ડ ઇન્સપેક્ટર/વોર્ડ કલાર્ક) અને એસ્ટેટ / ટી.ડી.ઓ. વિભાગના એક કર્મચારીની સંયુક્ત વોર્ડ કક્ષાની ટીમ બનાવી જે તે વોર્ડમાં ક્ષેત્રિય કામગીરી કરવામાં આવે છે.

ક્ષેત્રિય કામગીરીના આધારે સ્પષ્ટ થયેલ વિસ્તારો, વસ્તીને ધ્યાને લઇ, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીના પરીપત્રની માર્ગદર્શક સૂચનાઓને આધારે મહાનગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન કરી તેના નક્શા નિરૂપણ અર્થેની કામગીરી એસ્ટેટ વિભાગની ડ્રોઇંગ બ્રાંચના કર્મચારીઓ થકી હાથ ધરવામાં આવે છે. સાથે સાથે વોર્ડ સીમાંકન, બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત સાથે મોકલવાના થતા નિયત નમૂના મુજબના પત્રકો વોર્ડવાર ઇલેક્શન વિભાગના કર્મચારીઓ (વોર્ડ ઇન્સપેક્ટર/વોર્ડ કલાર્ક) થકી તૈયાર કરી, (આ સઘળી કામગીરીઓની ચીફ ઇન્સપેક્ટર + ઇલેક્શન ઓફિસરશ્રીની ઝોન કક્ષાની ટીમ બનાવી તેની ચકાસણી કરવામાં આવે છે.) સદરહુ દરખાસ્ત વોર્ડવાર, નક્શા, નિયત પત્રકો મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને ડે.મ્યુનિસિપલ કમિશનર (ઇલેક્શન) શ્રી દ્વારા, શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદ તરફ મોકલી આપવામાં આવે છે અને તેઓની કચેરી દ્વારા આ બાબતે ચકાસણી કર્યા બાદ સદરહુ દરખાસ્ત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીને મોકલી આપવામાં આવે છે અને તેઓની કચેરી દ્વારા તેની પ્રાથમિક પ્રસિધ્ધિ કરી નિયત કરવામાં આવે તે સમયમર્યાદામાં વાંધા સૂચનો મંગાવી તેનો યોગ્ય રીતે નિકાલ કરી માન્ય રાજકીય પક્ષો સાથે આ બાબતે પરામર્શ કરી આખરી પ્રસિધ્ધિ કરવા સારૂ તજવીજ કરવામાં આવે છે.

➢ **મહાનગરપાલિકાની ચૂંટણીઓ/પેટા-ચૂંટણીઓ યોજવા અંગેની કામગીરી :-**

મ્યુનિસિપલ કોર્પોરેશનની (ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ની જોગવાઇઓ અનુસાર, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશો આધિન મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ અંગેનો કાર્યક્રમ જાહેર કર્યા બાદ ચૂંટણી સંચાલન અન્વયે, શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટર શ્રી, અમદાવાદ તથા નિયુક્ત કરવામાં આવેલ ચૂંટણી અધિકારીશ્રીઓ સાથે સંયોજન/પરામર્શમા રહી તેઓને વોર્ડવાર મતદાન મથકોની દરખાસ્ત તૈયાર કરવા અંગેની કામગીરીમાં સહાયભૂત થવા તથા ઉમેદવારી પત્રો સ્વીકારવા, ચકાસવા, મતગણતરી અંગેના કામમાં ઉપયોગી ચૂંટણી લક્ષી ફોર્મ્સ ફોરમેટ, સાહિત્ય, કન્ટીજન્સી, સાધન-સામગ્રી, ચૂંટણી ગ્રાંટ, ઇ.વી.એમ., અવિલોપ્ય શાહીનો જથ્થો, મતદાન મથકે ઉપયોગમાં લેવાની કીટ્સ, મતકુટીરો, ટ્રંકો વિગેરે પૂરા પાડવાની વિશાળ કામગીરી હાથ ધરવામાં આવે છે.

(સદરહુ વિશિષ્ટ કામગીરી ઇલેક્શન વિભાગના તમામ કર્મચારીઓ થકી સંયુક્ત રીતે ટીમ વર્કથી આયોજસપૂર્વક પૂર્ણ કરવામાં આવે છે.)

➢ **મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આચારસંહિતા અમલીકરણ અંગેની કામગીરી :-**

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવતા કાર્યક્રમ અનુસાર લોકસભા/ વિધાનસભાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ તેમજ મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ સમયે મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પાળવાની થતી આદર્શ આચારસંહિતા પાલન સંદર્ભેની વિશિષ્ટ અને ઘનિષ્ટ કામગીરી સંદર્ભે મહાનગરપાલિકા હસ્તકના વિવિધ ડીપાર્ટમેન્ટ જેવા કે લાઇટ, એસ્ટેટ, એન્જીનિયરીગ, હેલ્થ સાથે તેમજ નિયુક્ત આચારસંહિતા પાલન (અમલીકરણ) સંદર્ભેના નોડલ ઓફિસરશ્રી તેમજ કલેક્ટરશ્રીની ચૂંટણી શાખા સાથે સંયોજન ગોઠવી આદર્શ આચારસંહિતાના સચોટ પાલન અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(સદરહુ વિશિષ્ટ કામગીરી ડે.મ્યુનિસિપલકમિશનર (ઇલેક્શન)શ્રીના સીધા માર્ગદર્શન/સુચના હેઠળ ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ તથા ત્રણ જુનિયર કલાર્ક સંયુક્ત રીતે ટીમ વર્કથી આયોજનપૂર્વક પૂર્ણ કરવામાં આવે છે.)

**(૪) પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો :-**

મહાનગરપાલિકાના ઇલેક્શન વિભાગની તમામ ખાસ પ્રકારની વિશિષ્ટ કામગીરીઓ, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો/પરીપત્રોની માર્ગદર્શક સૂચનાઓ આધારે તેઓની કચેરી દ્વારા નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં/સમયબધ્ધ કાર્યક્રમ અનુસાર જ પૂર્ણ કરવા તજવીજ કરવામાં આવે છે.

**(૫) પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળ અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ :-**

- **મહાનગરપાલિકાની મતદારયાદી તૈયાર કરવા અંગેની કામગીરી :-**

  ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) (સુધારા) નિયમો-૨૦૧૩ની જોગવાઇઓ આધિન, રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો/પરિપત્રોની માર્ગદર્શક સૂચનાઓને આધારે મહાનગરપાલિકાની મતદાર યાદીઓ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવે છે.

- **મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજવા અંગેની કામગીરી :-**

  મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪ અનુસંધાને મહાનગરપાલિકાની (ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ની જોગવાઇઓ આધિન, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીના વખતો-વખતના આદેશો અને પરિપત્રોની માર્ગદર્શક સૂચનાઓ આધારે, શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટર શ્રી, અમદાવાદ હસ્તકના નિયુક્ત ચૂંટણી અધિકારીઓ થકી મહાનગરપાલિકાની સામાન્ય/પેટા-ચૂંટણીઓ યોજવામાં આવે છે.

- **વસ્તી ગણના આધારે, મહાનગરપાલિકાના ઈલેક્શન વોર્ડોની પુનઃરચના, સીમાંકન, બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરવા અંગેની કામગીરી :-**

  મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૫ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકાર દ્વારા છેલ્લી વસ્તી ગણના આધારે મહાનગરપાલિકાના વોર્ડો તથા બેઠકોની સંખ્યા નક્કી કરી જાહેરનામુ બહાર પાડવામાં આવે છે, અને તે આધારે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો-૧૯૯૪ની જોગવાઇઓ હેઠળ, મહાનગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેના આદેશો/પરિપત્રો જારી કરવામાં આવે છે. તેની માર્ગદર્શક સૂચનાઓને આધારે મહાનગરપાલિકા દ્વારા આ બાબતે દરખાસ્ત તૈયાર કરી શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટર શ્રી, અમદાવાદને મોકલી આપવામાં આવે છે અને ત્યાર બાદ તેઓશ્રી દ્વારા તેની ખાસ ચકાસણી કરી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની કચેરીને મોકલી આપવામાં આવે છે.

  ➔ **ઉપરોક્ત દર્શાવવામાં આવેલ વિવિધ કામગીરીઓ પરીપૂર્ણ કરવા સારૂ, સંબંધિત વિધાનસભા મતદાર વિભાગોની આખરી પ્રસિધ્ધ થયેલ અને છેલ્લે અમલમાં છે તેવી છાપેલી મતદારયાદીઓ તથા સી.ડી., મહાનગરપાલિકાની આખરી પ્રસિધ્ધ થયેલ અને છેલ્લે અમલમાં છે તેવી છાપેલી મતદારયાદીઓ તથા સી.ડી., વોર્ડવાર મતદાન મથકોની યાદીઓ, સેન્સસના બ્લોકવાર/વોર્ડવાર નક્શાઓ, સેન્સસ બ્લોકમાં સમાવિષ્ટ વિસ્તારો તેમજ વસ્તીની વિગતો... વિગેરે રેકર્ડનો ઉપયોગ કરવામાં આવે છે.**

## (૬) પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક :-

- ✓ **મતદારયાદીઓ** - નવી મૂળ મતદારયાદીઓ (મધર રોલ) તૈયાર થાય ત્યાં સુધી રેકર્ડ સ્વરૂપે સાચવવાની થાય.
- ✓ **મતદાન મથકોની યાદી** - સામાન્ય / જે તે વોર્ડની પેટા-ચૂંટણી યોજાય ત્યાં સુધી રેકર્ડ સ્વરૂપે સાચવવાની થાય.

## (૭) તેની નીતિ અથવા તેની અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિમય, રજુઆત માટેની વિદ્યમાન કોઇ ગોઠવણીની વિગતો :-

- ✓ મતદારયાદીમાં નોંધાએલ નામની સર્ટીફાઇડ નકલ મેળવવા માટે **સેન્ટ્રલ રેકર્ડ વિભાગમાં** અરજી કર્યેથી મેળવી શકાય છે.
- ✓ મતદારયાદીઓની પ્રસિધ્ધિ સમયે, મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશનર શ્રી દ્વારા નિયત કરવામાં આવે તે પ્રસિધ્ધિના સ્થળોએ વોર્ડવાર/ઝોનવાર મતદારયાદીઓ નાગરીકોને જોવા સારૂ મુકવામાં આવે છે.
- ✓ મહાનગરપાલિકાની મતદારયાદીઓની પ્રસિધ્ધિ સમયે તથા ચૂંટણીઓ સમયે મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશનર શ્રી દ્વારા નિયત કરવામાં આવે તો, જે તે સ્થળોએ મતદારયાદીમાં નોંધાવેલ નામની કોમ્પ્યુટરાઇઝ હેલ્પ-લાઇન થકી નાગરીકોને વોર્ડવાર મતદારોની માહિતી મળી રહે તે સારૂ તજવીજ કરવામાં આવે છે તથા મહાનગરપાલિકાની વેબ-સાઇટ ઉપર પણ આજ વિગતો મુકવામાં આવે છે.

**(૮) તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સીલો, સમિતીઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ? અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવા પાત્ર છે કે કેમ? :-**

- ✓ આ બાબત આ વિભાગને લાગુ પડતી નથી.

**(૯) તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-**

| અ. નં. | કર્મચારીનું નામ | હોદ્દો | પે-બેન્ડ તથા (બેઝિક) ૭ માં પગાર પંચ મુજબ | ટેલી. નંબર ઓફીસ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નાગરાજન નાયડુ | ઈલે.ઓફિસર | ૭૮૮૦૦-૨૦૯૨૦૦(૧૨૨૯૦૦) | ૨૯૬૦૧૬૨૩ | એસ્ટેટ ખાતે ફાળવણી |
| ૨. | શ્રી કલાવતીબેન ડી. પટેલ | હેડ કલાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૩૬૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૩. | શ્રી કેતનકુમાર પટેલ | હેડ કલાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૩૬૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૪. | શ્રી મંગાભાઇ કે.પટેલ | હેડ કલાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૪૭૬૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૫. | શ્રી છગનભાઇ આર.વસાવા | હેડ કલાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૨૦૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૬. | શ્રી પરાગભાઇ દવે | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૫૨૦૦) | " | |
| ૭. | શ્રી ગૌરાંગભાઇ જાની | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૫૨૦૦) | " | |
| ૮. | શ્રી ઇમ્તિયાજ એ. મનસુરી | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૫૨૦૦) | " | |
| ૯. | શ્રી સેલવમ મુદલીયાર | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૪૪૯૦૦) | " | |
| ૧૦. | શ્રી પરાગ કે. ભાવસાર | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૫૨૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૧. | શ્રી કેતનસિંહ સોલંકી | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૫૨૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૨. | શ્રી આરતી એ મહેન્દુ | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૫૫૨૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૩. | શ્રી રાકેશ પી. વસાવા | સીની.ક્લાર્ક | ૨૫૫૦૦-૮૧૧૦૦(૨૬૩૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૪. | શ્રી મેહુલ ભરતભાઇ શાહ | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૪૪૯૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૫. | શ્રી હેમાબેન એ. ભગત | સીની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૪૩૬૦૦) | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૬. | શ્રી હરગોવિંદ એન. ઝાપડીયા | જુની.કલાર્ક | ૧૯૯૫૦ - ફીક્સ પગાર | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૭. | શ્રી દશરથ હરિભાઇ ચાધરી | જુની.કલાર્ક | ૧૯૯૫૦ - ફીક્સ પગાર | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૮. | શ્રી દેવાંગ આર. પરમાર | જુની.કલાર્ક | ૧૯૯૫૦ - ફીક્સ પગાર | " | અન્ય ખાતે ફાળવણી |
| ૧૯. | શ્રી રીતેશ એલ. પઢેરીયા | જુની.કલાર્ક | ૧૯૯૫૦ - ફીક્સ પગાર | " | અન્ય ખાતે ફાળવણી |
| ૨૦. | શ્રી નિકુંજ એ. ચૌધારી | જુની.કલાર્ક | ૧૯૯૫૦ - ફીક્સ પગાર | " | અન્ય ખાતે ફાળવણી |
| ૨૧. | શ્રી હાર્દિક એલ. પટેલ | જુની.કલાર્ક | ૧૯૯૫૦ - ફીક્સ પગાર | " | અન્ય ખાતે ફાળવણી |
| ૨૨. | શ્રી જગદીશભાઇ પ્રજાપતિ | પટાવાળા | ૧૫૭૦૦-૫૦૦૦૦ (૩૦૨૦૦) | " | |

**(૧૦) તેના વિનિમયોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક વળતર (છટ્ઠા પગાર પંચ મુજબ) :-**

| અ. નં. | હોદ્દો | પે બેન્ડ | ગ્રેડ પે |
|---|---|---|---|
| ૧. | ઈલેકશન ઓફિસર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ |
| ૨. | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ | ૦૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૩. | ચીફ ઇન્સ્પેક્ટર | ૦૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૪. | ચીફ ઇન્સ્પેક્ટર | ૦૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૫. | હેડ કલાર્ક | ૦૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૬. | વોર્ડ ઇન્સ્પેક્ટર | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૭. | સીનીયર કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૮. | જુનીયર કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૯. | પટાવાળા | ૦૪૪૪૦-૦૭૪૪૦ | ૧૩૦૦ |

**(૧૧) તમામ યોજનાઓ સૂચિત ખર્ચ અને કરેલી વહેચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજ પત્ર :-**

**ઈલેક્શન વિભાગ (કોમ્પ્યુટર કોડ -૧૧૫) માટે સને: ૨૦૨૧-૨૨ના મંજૂર થયેલ અંદાજ પત્ર**

| ડિપાર્ટમેન્ટ / એકાઉન્ટ કોડ | વિભાગ તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૨૨-૨૩ મ્યુ. કોર્પો.ને મંજૂર કરેલ અંદાજ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| | **રેવન્યુ ખર્ચ** | |
| ૩૦૧૯૯ | પગાર ખર્ચ | ૧૪૨.૯૬ |
| ૩૦૪૦૧ | યુનિફોર્મ | ૦.૧૫ |
| ૩૪૧૦૧ | ટેલીફોન તથા ટ્રંકકોલ (ઓફિસ) | ૦.૩૦ |
| ૩૪૧૦૨ | પોસ્ટેજ તથા ટેલીગ્રામ | ૦.૧૦ |
| ૩૪૪૦૧ | સ્ટેશનરી | ૦.૦૦ |
| ૩૪૪૦૪ | પ્રિન્ટીગ | ૦.૦૦ |
| ૩૪૪૦૫ | ઝેરોક્ષ | ૦.૨૫ |
| ૩૪૮૧૦ | ઈલેક્શન સ્ટેશનરી અને પ્રિન્ટીગ ખર્ચ | ૩.૦૦ |
| ૩૪૮૯૯ | અન્ય ખર્ચા | ૧.૦૦ |
| ૩૯૨૦૧ | વાહન ખર્ચ | ૦.૫૦ |
| ૪૩૨૦૧ | પેટ્રોલ/ડીઝલ ખર્ચ | ૪.૦૦ |
| ૫૭૩૦૪ | ટેમ્પરરી કેમ્પસ ખર્ચ-ઈલેક્શન | ૦.૦૦ |
| ૫૭૩૦૫ | ઈલેક્શન કરવા પરચુરણ ખર્ચ | ૨૫૦૦.૦૦ |
| | **રેવેન્યુ ખર્ચ કુલ...** | **૨૬૫૨.૨૬** |

**(૧૨) ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત :-**

✓ આ બાબત આ વિભાગને લાગુ પડતી નથી.

**(૧૩) આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો :-**

✓ આ બાબત આ વિભાગને લાગુ પડતી નથી.

**(૧૪) ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ વિગતો :-**

ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં મુળ તથા પુરવણી મતદારયાદી સને-૨૦૨૧ ની સી.ડી. વોર્ડવાર ઉપલબ્ધ છે.

**(૧૫) જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનલાયના કામકાજના કલાકો સહિતની માહીતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો :-**

✓ આ વિભાગમાં કોઇ ગ્રંથાલય નથી.

**(૧૬) જાહેર માહીતી અધિકારીઓના નામો, હોદ્દાઓ અને બીજી વિગતો :-**

| અ. નં. | અધિકારીશ્રીનું નામ | હોદ્દો | ફરજનો સમય | ફરજનું સ્થળ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | **શ્રી પ્રશાંત એ. પંડયા** | ઈલેકશન ઓફિસર અને જાહેર માહીતી અધિકારીશ્રી | સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ | ૪૧૧, નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પ., નવરંગપુરા, અમદાવાદ | (મો.) ૯૩૨૭૦૩૮૮૨૨<br><br>(ઓ.) ૨૯૬૦૧૬૨૩ |

**(૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહીતી :-**

- **૧-૧-૨૦૨૧ ની સ્થિતિએ તેમજ જે તે ઈલકશન વોર્ડની પેટા-ચૂંટણી સમયે તૈયાર કરવામાં આવેલ મતદારયાદીની વોર્ડવાર કિંમત દર્શાવતું પત્રક**

| ઈલે. વોર્ડ નં. તથા નામ | મતદાર યાદીની વેચાણ કિંમત રૂા. | સીડીની વેચાણ કિંમત રૂા. |
|---|---:|---:|
| ૧-ગોતા | ૨૦૦૦ | ૫૦૦ |
| ૨-ચાંદલોડીયા | ૨૦૦૦ | ૫૦૦ |
| ૩-ચાંદખેડા | ૨૩૦૦ | ૫૦૦ |
| ૪-સાબરમતી | ૨૧૦૦ | ૫૦૦ |
| ૫-રાણીપ | ૨૨૦૦ | ૫૦૦ |
| ૬- નવાવાડજ | ૨૧૦૦ | ૫૦૦ |
| ૭-ઘાટલોડીયા | ૧૮૦૦ | ૫૦૦ |
| ૮-થલતેજ | ૨૪૦૦ | ૫૦૦ |
| ૯-નારણપૂરા | ૨૨૦૦ | ૫૦૦ |
| ૧૦-સરદાર પટેલ સ્ટેડીયમ | ૨૦૦૦ | ૫૦૦ |
| ૧૧-સરદારનગર | ૨૫૦૦ | ૫૦૦ |
| ૧૨-નરોડા | ૨૫૦૦ | ૫૦૦ |
| ૧૩-સૈજપુર બોઘા | ૨૨૦૦ | ૫૦૦ |
| ૧૪-કુબેરનગર | ૨૨૦૦ | ૫૦૦ |
| ૧૫-અસારવા | ૨૨૦૦ | ૫૦૦ |
| ૧૬-શાહીબાગ | ૧૯૦૦ | ૫૦૦ |
| ૧૭-શાહપુર | ૨૦૦૦ | ૫૦૦ |
| ૧૮-નવરંગપુરા | ૨૧૦૦ | ૫૦૦ |
| ૧૯-બોડકદેવ | ૨૩૦૦ | ૫૦૦ |
| ૨૦-જોધપુર | ૨૩૦૦ | ૫૦૦ |
| ૨૧-દરીયાપુર | ૨૩૦૦ | ૫૦૦ |
| ૨૨-ઈન્ડીયા કોલોની | ૧૯૦૦ | ૫૦૦ |
| ૨૩-ઠક્કરબાપાનગર | ૨૩૦૦ | ૫૦૦ |
| ૨૪-નિકોલ | ૨૮૦૦ | ૫૦૦ |

| ઈલે. વોર્ડ નં. તથા નામ | મતદાર યાદીની વેચાણ કિંમત રૂા. | સીડીની વેચાણ કિંમત રૂા. |
|---|---|---|
| ૨૫-વિરાટનગર | ૨૧૦૦ | ૫૦૦ |
| ૨૬-બાપુનગર | ૨૧૦૦ | ૫૦૦ |
| ૨૭-સરસપુર-રખિયાલ | ૨૫૦૦ | ૫૦૦ |
| ૨૮-ખાડીયા | ૨૨૦૦ | ૫૦૦ |
| ૨૯-જમાલપુર | ૨૨૦૦ | ૫૦૦ |
| ૩૦-પાલડી | ૨૧૦૦ | ૫૦૦ |
| ૩૧-વાસણા | ૨૦૦૦ | ૫૦૦ |
| ૩૨-વેજલપુર | ૧૮૦૦ | ૫૦૦ |
| ૩૩-સરખેજ | ૨૧૦૦ | ૫૦૦ |
| ૩૪-મકતમપૂરા | ૨૨૦૦ | ૫૦૦ |
| ૩૫-બહેરામપૂરા | ૨૧૦૦ | ૫૦૦ |
| ૩૬-દાણીલીમડા | ૨૨૦૦ | ૫૦૦ |
| ૩૭-મણિનગર | ૨૧૦૦ | ૫૦૦ |
| ૩૮-ગોમતીપુર | ૨૩૦૦ | ૫૦૦ |
| ૩૯-અમરાઈવાડી | ૨૦૦૦ | ૫૦૦ |
| ૪૦-ઓઢવ | ૧૬૦૦ | ૫૦૦ |
| ૪૧-વસ્ત્રાલ | ૨૫૦૦ | ૫૦૦ |
| ૪૨-ઈન્દ્રપુરી | ૧૯૦૦ | ૫૦૦ |
| ૪૩-ભાઈપૂરા-હાટકેશ્વર | ૨૦૦૦ | ૫૦૦ |
| ૪૪-ખોખરા | ૨૦૦૦ | ૫૦૦ |
| ૪૫-ઈસનપુર | ૨૩૦૦ | ૫૦૦ |
| ૪૬-લાંભા | ૨૧૦૦ | ૫૦૦ |
| ૪૭-વટવા | ૨૯૦૦ | ૫૦૦ |
| ૪૮-રામોલ હાથીજણ | ૨૬૦૦ | ૫૦૦ |

- **<u>જનરલ માહિતી :-</u>**

➔ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈલેક્શન વોર્ડોની કુલ સંખ્યા : ૪૮

➔ મ્યુનિસિપલ કાઉન્સીલર શ્રીઓની કુલ સંખ્યા : ૧૯૨

⇒ ૯૬ બેઠકો સ્ત્રીઓ માટે અનામત (જેમા ૧૦ -બેઠકો અનુસુચિત જાતિ માટે, ૧-બેઠક અનુસુચિત આદિજાતિ માટે અને ૧૦-બેઠકો પછાતવર્ગ માટે અનામત છે)

⇒ ૨૦-બેઠકો (૧૦-સ્ત્રી અનામત બેઠકો સાથે) -- અનુસુચિત જાતિ માટે અનામત

⇒ ૨-બેઠક (૧-સ્ત્રી અનામત બેઠકો સાથે) -- અનુસુચિત આદિજાતિ માટે અનામત

⇒ ૧૯-બેઠકો (૧૦-સ્ત્રી અનામત બેઠકો સાથે) -- પછાત વર્ગ માટે અનામત

- **<u>અમદાવાદ મહાનગરપાલિકાના ઈલેક્શન વોર્ડોની સને-૨૦૧૧ની વસ્તી ગણના મુજબ કુલ વસ્તી તથા SC, STની કુલ વસ્તી તથા ૧-૧-૨૦૨૧ ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં. ૧ થી ૪૮ના વોર્ડ વાર પુરૂષ, સ્ત્રી તથા કુલ મતદારોની સંખ્યા દર્શાવતું પત્રક:</u>**

| Ward No | Ward Name | Total Population | SC Population | ST Population | Male Voters | Female Voters | Third Gender Voters | Total Voters |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોતા | ૧૦૪૬૭૬ | ૫૮૫૦ | ૧૧૩૨ | ૪૫૪૯૧ | ૪૦૯૨૪ | ૨ | ૮૬૪૧૭ |
| ૨ | ચાંદલોડીયા | ૧૦૯૪૧૧ | ૫૫૫૫ | ૧૪૬૮ | ૪૬૯૮૬ | ૪૧૪૩૧ | ૨ | ૮૮૪૧૯ |
| ૩ | ચાંદખેડા | ૧૧૬૩૨૪ | ૨૫૪૮૨ | ૨૩૧૦ | ૫૩૪૩૯ | ૫૦૧૭૧ | ૧ | ૧૦૩૬૧૧ |
| ૪ | સાબરમતી | ૧૧૧૨૨૭ | ૧૭૯૩૬ | ૩૩૧૧ | ૪૮૬૩૨ | ૪૪૬૮૪ | ૬ | ૯૩૩૨૨ |
| ૫ | રાણીપ | ૧૧૪૬૫૫ | ૧૫૦૦૦ | ૧૮૮૩ | ૫૦૭૪૫ | ૪૫૮૯૦ | ૫ | ૯૬૬૪૦ |
| ૬ | નવા વાડજ | ૧૧૯૭૯૮ | ૧૧૨૯૦ | ૧૯૬૨ | ૪૮૮૧૯ | ૪૬૦૩૩ | ૧ | ૯૪૮૫૩ |
| ૭ | ઘાટલોડીયા | ૧૦૪૬૯૭ | ૧૨૭૩ | ૯૭૬ | ૪૦૨૬૪ | ૩૮૫૪૦ | ૧ | ૭૮૮૦૫ |
| ૮ | થલતેજ | ૧૩૦૦૪૪ | ૩૨૪૪ | ૧૧૯૫ | ૫૪૬૯૯ | ૫૨૮૬૬ | ૧ | ૧૦૭૫૬૬ |
| ૯ | નારણપૂરા | ૧૨૨૬૧૬ | ૨૬૧૬ | ૧૭૪૯ | ૪૯૬૭૬ | ૪૭૮૭૩ | ૦ | ૯૭૫૪૯ |
| ૧૦ | સ.પ.સ્ટેડીયમ | ૧૨૧૮૫૩ | ૩૦૫૪૬ | ૧૬૫૧ | ૪૬૫૦૯ | ૪૩૧૪૯ | ૪ | ૮૯૬૬૨ |
| ૧૧ | સરદારનગર | ૧૨૦૪૮૫ | ૮૪૬૯ | ૪૬૪૯ | ૫૭૯૪૯ | ૫૨૨૬૦ | ૮ | ૧૧૦૨૧૭ |
| ૧૨ | નરોડા | ૧૨૨૧૧૭ | ૧૦૨૧૯ | ૧૧૬૨ | ૫૬૯૩૫ | ૫૧૯૧૯ | ૧૦ | ૧૦૮૮૬૪ |
| ૧૩ | સૈજપુર બોઘા | ૧૨૯૬૧૬ | ૨૪૧૨૧ | ૭૩૬ | ૫૧૪૧૨ | ૪૫૦૮૫ | ૬ | ૯૬૫૦૩ |
| ૧૪ | કુબેરનગર | ૧૧૮૧૫૬ | ૧૨૨૧૪ | ૧૧૫૦ | ૫૨૮૦૨ | ૪૪૩૮૦ | ૧૪ | ૯૭૧૯૬ |
| ૧૫ | અસારવા | ૧૨૨૪૬૪ | ૧૭૨૨૬ | ૯૩૨ | ૫૦૮૮૪ | ૪૬૨૫૭ | ૧ | ૯૭૧૪૨ |
| ૧૬ | શાહીબાગ | ૧૦૫૧૦૨ | ૨૦૬૪૮ | ૪૧૭૩ | ૪૩૧૯૯ | ૪૦૬૪૬ | ૦ | ૮૩૮૪૫ |
| ૧૭ | શાહપુર | ૧૧૫૦૭૮ | ૧૧૯૯૪ | ૧૩૦૯ | ૪૫૭૧૭ | ૪૨૦૦૫ | ૦ | ૮૭૭૨૨ |
| ૧૮ | નવરંગપુરા | ૧૧૧૨૫૬ | ૬૩૨૫ | ૨૧૪૯ | ૪૬૪૯૯ | ૪૬૭૫૪ | ૦ | ૯૩૨૫૩ |
| ૧૯ | બોડકદેવ | ૧૨૮૨૦૧ | ૩૨૭૯ | ૧૭૬૨ | ૫૦૪૮૮ | ૪૮૬૯૮ | ૨ | ૯૯૧૮૮ |
| ૨૦ | જોધપુર | ૧૨૧૩૫૯ | ૫૯૪૨ | ૯૬૮ | ૫૦૭૯૩ | ૪૯૬૫૯ | ૫ | ૧૦૦૪૫૭ |
| ૨૧ | દરીયાપુર | ૧૧૭૩૧૪ | ૫૨૯૪ | ૨૪૫ | ૫૧૦૭૮ | ૪૮૯૯૧ | ૭ | ૧૦૦૦૭૬ |
| ૨૨ | ઈન્ડિયાકોલોની | ૧૦૯૨૦૫ | ૨૩૯૬૫ | ૫૭૫ | ૪૩૫૬૫ | ૩૯૦૩૭ | ૦ | ૮૨૬૦૨ |
| ૨૩ | ઠક્કરબાપાનગર | ૧૨૪૩૪૯ | ૭૯૬૨ | ૬૨૫ | ૫૪૨૮૬ | ૪૮૪૮૪ | ૩ | ૧૦૨૭૭૩ |
| ૨૪ | નિકોલ | ૧૧૮૧૧૯ | ૪૬૬૦ | ૭૪૫ | ૬૫૨૨૬ | ૫૭૯૯૭ | ૬ | ૧૨૩૨૨૯ |
| ૨૫ | વિરાટનગર | ૧૨૭૫૨૫ | ૭૨૬૩ | ૮૫૪ | ૪૯૭૯૧ | ૪૨૯૩૦ | ૨ | ૯૨૭૨૩ |
| ૨૬ | બાપુનગર | ૧૨૧૫૬૨ | ૧૪૩૫૨ | ૮૯૨ | ૪૯૬૧૨ | ૪૫૪૦૭ | ૬ | ૯૫૦૨૫ |
| ૨૭ | સરસપુર-રખિયાલ | ૧૨૭૬૩૦ | ૨૩૧૭૩ | ૮૩૯ | ૫૮૬૭૨ | ૫૩૦૫૦ | ૬ | ૧૧૧૭૨૮ |
| ૨૮ | ખાડીયા | ૧૨૦૬૯૦ | ૪૨૨૬ | ૫૧૯ | ૫૦૪૦૨ | ૪૭૩૭૧ | ૩ | ૯૭૭૭૬ |
| ૨૯ | જમાલપુર | ૧૨૫૯૨૩ | ૬૩૬૮ | ૬૦૩ | ૪૮૪૬૯ | ૪૮૩૬૪ | ૦ | ૯૬૮૩૩ |
| ૩૦ | પાલડી | ૧૦૭૭૭૪ | ૧૩૭૮૧ | ૧૧૯૫ | ૪૫૨૯૩ | ૪૫૮૨૭ | ૦ | ૯૧૧૨૦ |
| ૩૧ | વાસણા | ૧૦૬૫૨૦ | ૧૦૩૭૧ | ૨૧૩૩ | ૪૫૦૯૭ | ૪૩૦૦૭ | ૪ | ૮૮૧૦૮ |
| ૩૨ | વેજલપુર | ૧૦૫૧૫૯ | ૧૧૧૪૦ | ૧૪૫૦ | ૪૦૧૬૧ | ૩૭૧૮૭ | ૨ | ૭૭૩૫૦ |
| ૩૩ | સરખેજ | ૧૨૨૫૪૮ | ૧૩૪૪૧ | ૧૮૦૫ | ૪૮૯૩૮ | ૪૫૦૮૮ | ૩ | ૯૪૦૨૯ |
| ૩૪ | મકતમપૂરા | ૧૨૦૨૮૧ | ૧૫૧૫ | ૯૪૪ | ૪૯૬૯૬ | ૪૭૭૧૦ | ૮ | ૯૭૪૧૪ |
| ૩૫ | બહેરામપૂરા | ૧૨૬૯૭૮ | ૨૭૨૯૮ | ૯૬૭ | ૫૦૦૪૧ | ૪૪૭૫૧ | ૬ | ૯૪૭૯૮ |

| Ward No | Ward Name | Total Population | SC Population | ST Population | Male Voters | Female Voters | Third Gender Voters | Total Voters |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬ | દાણીલીમડા | ૧૨૦૯૪૪ | ૨૭૬૯૧ | ૧૯૧૫ | ૫૦૪૭૦ | ૪૭૫૬૬ | ૪ | ૯૮૦૪૦ |
| ૩૭ | મણિનગર | ૧૨૩૦૨૭ | ૧૩૧૪૫ | ૯૩૮ | ૪૭૮૭૪ | ૪૬૨૩૯ | ૧ | ૯૪૧૧૪ |
| ૩૮ | ગોમતીપુર | ૧૨૭૫૭૮ | ૨૫૬૯૩ | ૬૭૨ | ૫૩૯૪૬ | ૪૭૭૪૮ | ૩ | ૧૦૧૬૯૭ |
| ૩૯ | અમરાઈવાડી | ૧૦૫૬૭૧ | ૨૭૮૦૯ | ૧૦૨૯ | ૪૭૬૭૮ | ૪૦૩૧૫ | ૩ | ૮૭૯૯૬ |
| ૪૦ | ઓઢવ | ૧૧૬૩૭૨ | ૧૬૯૮૨ | ૧૦૭૩ | ૩૮૯૭૪ | ૩૨૮૫૦ | ૩ | ૭૧૮૨૭ |
| ૪૧ | વસ્ત્રાલ | ૧૧૬૨૦૨ | ૨૧૫૦ | ૬૪૩ | ૫૯૧૦૮ | ૫૧૭૫૧ | ૩ | ૧૧૦૮૬૨ |
| ૪૨ | ઈન્દ્રપુરી | ૧૧૦૪૫૧ | ૧૨૪૩૮ | ૬૬૯ | ૪૫૮૬૨ | ૪૦૬૬૯ | ૧ | ૮૬૫૩૨ |
| ૪૩ | ભાઈપૂરા-હાટકેશ્વર | ૧૧૦૮૧૮ | ૧૯૯૬૭ | ૧૦૧૦ | ૪૭૩૮૧ | ૪૧૨૬૯ | ૧ | ૮૮૬૫૧ |
| ૪૪ | ખોખરા | ૧૧૦૮૮૦ | ૮૧૬૧ | ૧૬૩૩ | ૪૫૦૨૩ | ૪૨૮૩૫ | ૭ | ૮૭૮૬૫ |
| ૪૫ | ઈસનપુર | ૧૨૧૧૭૧ | ૯૩૨૭ | ૯૧૫ | ૫૧૯૯૭ | ૪૮૬૮૫ | ૪ | ૧૦૦૬૮૬ |
| ૪૬ | લાંભા | ૧૨૦૬૪૧ | ૧૫૦૦૩ | ૨૬૯૨ | ૫૧૦૬૯ | ૪૨૭૩૭ | ૨ | ૯૩૮૦૮ |
| ૪૭ | વટવા | ૧૨૧૮૯૪ | ૨૭૩૮ | ૧૩૧૬ | ૬૮૯૧૧ | ૬૦૦૦૮ | ૮ | ૧૨૮૯૨૭ |
| ૪૮ | રામોલ હાથીજણ | ૧૨૭૭૦૧ | ૫૪૬૨ | ૨૫૩૭ | ૬૩૮૭૦ | ૫૨૮૦૩ | ૨ | ૧૧૬૬૭૫ |
| | | **૫૬૬૪૦૬૨** | **૬૦૦૬૦૪** | **૬૮૦૬૦** | **૨૪૧૪૪૨૮** | **૨૨૦૯૯૦૦** | **૧૬૭** | **૪૬૨૪૪૯૫** |

## <u>પત્રક - ૧</u>

**સચિવાલયના વહીવટી વિભાગ / ઈવભાગના વડા / બોર્ડ / કોર્પોરેશન / અન્ય જાહેર સત્તામંડળોમાં નિમાયેલા દરેક જાહેર માહિતી અધિકારીઓએ માહિતીનો અધિકાર અધિનિયમ નીચે તેઓને મળેલ અરજીઓ/નિકાલ કરેલ અરજીઓની વિગતો મોકલવાનું પત્રક**

**એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨** નાણાંકીય વર્ષઃ- ૨૦૨૧-૨૨

**જાહેર માહિતી અધિકારીનું નામ અને હોદ્દો** :- **શ્રી પ્રશાંત એ. પંડયા, ઈલેક્શન ઓફિસર**

**જે કચેરીમાં ફરજ બજાવતા હોય તેનું નામ અને સ્થળ** :- **ઈલેક્શન વિભાગ, ૪૧૧, નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ.**

| ક્રમ | વિગત | બી.પી.એલ. | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| | **મળેલ અરજીઓની સંખ્યા** | - | - | - |
| ૧ | ત્રિમાસની શરૂઆતમાં અગાઉની પડતર અરજીઓ | - | - | - |
| ૨ | ત્રિમાસિક અહેવાલ દરમ્યાન મળેલ અરજીઓ | 1 | 8 | 9 |
| ૩ | **કુલ અરજીઓ** | 1 | 8 | 9 |
| | **કુલ અરજીઓ પૈકી** | | | |
| ૪ | અન્ય જાહેર સત્તામંડળને સંપૂર્ણત તબદીલ કરેલ અરજીઓ | 1 | 5 | 6 |
| ૫ | અન્ય જાહેર સત્તામંડળને અંશતઃ તબદીલ કરેલ અરજીઓ | - | 2 | 2 |
| ૬ | માહિતી સંપુર્ણતઃ આપેલ હોય તેવી અરજીઓ | - | 1 | 1 |
| ૭ | માહિતી સંપુર્ણતઃ નકારેલ હોય તેવી અરજીઓ | - | - | - |
| ૮ | માહિતી અંશતઃ નકારેલ હોય તેવી અરજીઓ | - | - | - |
| ૯ | **(કોલમ - ૪ + ૬ + ૭ + ૮ નો સરવાળો) કુલ નિકાલ** | 1 | 8 | 9 |
| ૯ (અ) | **કુલ નિકાલ પૈકી સમયમર્યાદામાં નિકાલ કરેલ અરજીઓની સંખ્યા** | 1 | 8 | 9 |
| ૧૦ | **ત્રિમાસને અંતે પડતર અરજીઓ [કોલમ : (૩ - ૯)]** | Nil | Nil | Nil |
| | | | | |
| ૧૧ | **કોલમ -૭ અને ૮ માં દર્શાવેલ અરજીઓમાં મળેલ માહિતી કાયદાની કલમ અન્વયે નકારેલ છે તેની સંખ્યા** | | | |
| a | કાયદાની કલમ - ૮(૧)(ક)મુજબ | - | - | - |
| b | કાયદાની કલમ - ૮(૧)(ખ)મુજબ | - | - | - |
| c | કાયદાની કલમ - ૮(૧)(ગ)મુજબ | - | - | - |
| d | કાયદાની કલમ - ૮(૧)(ઘ)મુજબ | - | - | - |
| e | કાયદાની કલમ - ૮(૧)(ચ)મુજબ | - | - | - |
| f | કાયદાની કલમ - ૮(૧)(છ)મુજબ | - | - | - |
| g | કાયદાની કલમ - ૮(૧)(જ)મુજબ | - | - | - |
| h | કાયદાની કલમ - ૮(૧)(ઝ)મુજબ | - | - | - |
| i | કાયદાની કલમ - ૮(૧)(ટ)મુજબ | - | - | - |
| j | કાયદાની કલમ - ૮(૧)(ઠ)મુજબ | - | - | - |
| k | કાયદાની કલમ - ૯ મુજબ | - | - | - |
| l | કાયદાની કલમ - ૧૧ મુજબ | - | - | - |
| m | કાયદાની કલમ - ૨૪ મુજબ | - | - | - |
| n | અન્ય | - | - | - |
| ૧૨ | **કુલ :- ૧૧(a) થી ૧૧(n)** | Nil | Nil | Nil |
| ૧૩ | **મળેલ ફી અને નકલ ચાર્જીસ (રોકડ કે અન્ય સ્વરૂપ સહિતની રકમ)ની વિગત** | | | |
| a | ચાલુ ત્રિમાસમાં અરજી ફી પેટે મેળલ રકમ (તબદીલ થઈને આવેલ અરજીઓ સિવાયની) | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| b | ચાલુ ત્રિમાસમાં અરજી ફી સિવાયની ચાર્જસ વગેરેની મળેલ રકમ | - | 20 | 20 |
| c | અહેવાલના ત્રિમાસ દરમ્યાન થયેલ કુલ આવક (કોલમ ૧૩a + ૧૩b) | - | 20 | 20 |
| d | ચાલુ નાણાંકીય વર્ષના અગાઉના સમયગાળા દરમ્યાન થયેલ કુલ આવક | - | - | - |
| ૧૪ | **કુલ આવકનો સરવાળો (કોલમ ૧૩c + ૧૩d)** | Nil | 20 | 20 |

<u>પત્રક - ૨</u>

**સચિવાલયના વહીવટી વિભાગ / ઈવભાગના વડા / બોર્ડ / કોર્પોરેશન / અન્ય જાહેર સત્તામંડળોમાં નિમાયેલા દરેક <u>એપેલેટ ઓથોરીટીએ</u> (કલમ-૧૯(૧)) માહિતીનો અધિકાર અધિનિયમ નીચે તેઓને મળેલ અપીલો / નિકાલ કરેલ અપીલની વિગતો મોકલવાનું પત્રક**

**<u>એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨</u>** **નાણાંકીય વર્ષઃ- ૨૦૨૧-૨૨**

**અપેલેટ અધિકારીનું નામ અને હોદ્દો :- શ્રી આર.એ.મેરજા, ડે.મ્યુ.કમિશનર(ઇલેકશન)**

**જે કચેરીમાં ફરજ બજાવતા હોય તેનું નામ અને સ્થળ :- સરદાર પટેલ ભવન, બીજો માળ, સી - બ્લોક, દાણાપીઠ, અમદાવાદ.**

| ક્રમ | વિગત | બી.પી.એલ. | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| | **મળેલ અપીલોની સંખ્યા** | - | - | - |
| ૧ | ત્રિમાસની શરૂઆતમાં અગાઉની પડતર અપીલો | - | - | - |
| ૨ | ત્રિમાસ દરમ્યાન મળેલ અપીલો | - | - | - |
| ૩ | **કુલ અપીલો** | **Nil** | **Nil** | **Nil** |
| | **નિકાલ કરેલ અપીલો** | | | |
| ૪ | અપીલ સંપૂર્ણ મંજૂર કરવામાં આવી હોય તેની સંખ્યા | - | - | - |
| ૫ | અપીલ અંશતઃ મંજૂર અને અંશતઃ ના મંજૂર કરવામાં આવી હોય તેની સંખ્યા | - | - | - |
| ૬ | અપીલ સંપૂર્ણ ના મંજૂર કરવામાં આવી હોય તેની સંખ્યા | - | - | - |
| ૭ | **કુલ નિકાલ** | **Nil** | **Nil** | **Nil** |
| ૭ (અ) | **કુલ નિકાલ પૈકી સમયમર્યાદામાં(કલમ-૧૯(૬)) નિકાલ કરેલ અપીલોની સંખ્યા** | - | - | - |
| ૮ | **ત્રિમાસને અંતે પડતર અપીલો [કોલમ : (૩ - ૭)]** | **Nil** | **Nil** | **Nil** |
| | | | | |
| ૯ | **કોલમ -૫ અને ૬ માં દર્શાવેલ અપીલો કાયદાની જે કલમ અન્વયે ના મંજૂર કરેલ છે તેની સંખ્યા** | | | |
| a | કાયદાની કલમ - ૮(૧)(ક)મુજબ | - | - | - |
| b | કાયદાની કલમ - ૮(૧)(ખ)મુજબ | - | - | - |
| c | કાયદાની કલમ - ૮(૧)(ગ)મુજબ | - | - | - |
| d | કાયદાની કલમ - ૮(૧)(ઘ)મુજબ | - | - | - |
| e | કાયદાની કલમ - ૮(૧)(ચ)મુજબ | - | - | - |
| f | કાયદાની કલમ - ૮(૧)(છ)મુજબ | - | - | - |
| g | કાયદાની કલમ - ૮(૧)(જ)મુજબ | - | - | - |
| h | કાયદાની કલમ - ૮(૧)(ઝ)મુજબ | - | - | - |
| i | કાયદાની કલમ - ૮(૧)(ટ)મુજબ | - | - | - |
| j | કાયદાની કલમ - ૮(૧)(ઠ)મુજબ | - | - | - |
| k | કાયદાની કલમ - ૯ મુજબ | - | - | - |
| l | કાયદાની કલમ - ૧૧ મુજબ | - | - | - |
| m | કાયદાની કલમ - ૨૪ મુજબ | - | - | - |
| n | અન્ય | - | - | - |
| ૧૦ | **કુલ :- ૯(a) થી ૯(n)** | **Nil** | **Nil** | **Nil** |

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**મહાનગર સેવા સદન**

================================================

# એનેક્ષર-એ (પ્રમાણ પત્ર)

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે, મારી વડી કચેરી તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના ઇલેકશન વિભાગ દ્વારા માહિતી અધિકાર અધિનીયમની કલમ - ૪ (૧) (ખ) અંર્તગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) (પીએડી) તૈયાર કરવામાં આવી છે અને તા.૧૨/૦૮/૨૦૨૨ની સ્થિતિએ તે અધ્યતન કરવામાં આવેલ છે, જે બાબતે કોઇ ક્ષતિ રહેલ નથી તેમજ કોઇ પણ પ્રકારની વિગતો બાકી રહેલ નથી.

તા.૧૨/૦૮/૨૦૨૨ની સ્થિતિએ ઇલેક્શન વિભાગના પ્રોએક્ટીવ ડીસ્કલોઝર (પીએડી)નું ઇન્સપેક્શન-કમ-ઓડીટ બાકી રહેલ નથી.

**પ્રશાંત એ. પંડયા**
**જાહેર માહિતી અધિકારી અને**
**ઇલેક્શન ઓફિસર**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**તારીખઃ-** **૧૨/૦૮/૨૦૨૨**
**મુખ્ય મથકઃ-** **ઇલેકશન વિભાગ**
**૪૧૧, નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ,**
**નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ.**